નં:- જીઆઈડીસી/જ.મે./વિત/નીતિ/૧(૯)/ ૨૬
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર.
તા.૦૩/૪/૧૦.

:-પરિપત્ર-:

વિષય:- ક્ષેત્રિય કચેરી ધ્વારા રજુ થતી દરખાસ્તો બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/એએલએટી/એચએન્ડએ/૪૮૮
તા.૧૨/૭/૦૫.

નિગમ ધ્વારા ઉપરોકત સંદર્ભદર્શિત પરિપત્રથી નિગમની નીતિને સુસંગત ન હોય તેવી દરખાસ્ત વડી કચેરી ખાતે ન મોકલવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમ છતાં ક્ષેત્રિય કચેરી ધ્વારા આ સૂચનાનો અમલ થતો નથી અને નિગમની નીતિને સુસંગત ન હોય તેવી દરખાસ્ત વડી કચેરીએ મોકલવામાં આવે છે. આથી હવે પછી નિગમની નીતિને સુસંગત ન હોય તેવી કોઈપણ પ્રકારની દરખાસ્ત વડી કચેરીએ સાદર નહિ કરવા અત્રેથી કડક સૂચના આપવામાં આવે છે.

આ ઉપરાંત વિતરણને લગતી કોઈપણ પ્રકારની દરખાસ્ત જ.મે.શ્રી, (વિતરણ) ને જ મોકલવાની રહેશે. જેથી ક્ષેત્રિય કચેરી ધ્વારા વિતરણને લગતી કોઈપણ પ્રકારની દરખાસ્ત બારોબાર અન્ય શાખાને ન મોકલવા સૂચના આપવામાં આવે છે. સાથે સાથે વડી કચેરીની તમામ શાખાઓને જણાવવામાં આવે છે કે વિતરણને લગતી કોઈપણ પ્રકારની દરખાસ્ત તેઓએ ક્ષેત્રિય કચેરીઓ પાસેથી બારોબાર સ્વીકારવી નહિ.

ઉપરોકત સૂચનાનો ક્ષેત્રિય કચેરીના તમામ અધિકારીશ્રીઓએ તેમજ વડી કચેરીના તમામ અધિકારીશ્રીઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ જ.મે.શ્રી (વિતરણ) ને નામજોગ પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારું તેમજ સૂચનાઓનો અમલ કરવા સારું.

રવાના કર્તા
મેનેજર (મહેકમ).